[30]

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. મંડિ પાહુડિયાએ **બલિ પાહુડિયાએ ઠવણા પાહુડિયાએ સંકિએ સહસાગારે** અણેસણાએ

૨. દેવેહિં **પણવીસાએ ભાવણાહિં છવ્વીસાએ દસાકપ્પવવહારાણં ઉદ્દેસણ કાલેહિં સત્તાવીસાએ અણગાર ગુણેહિં** અટ્ઠાવીસાએ

૩. સરીરં **ઈટ્ઠં કંતં પિયં મણુન્નં** મણામં

૪. જેમણ વિહિં **પાણિય વિહિં મુહવાસ વિહિં વાહણ વિહિં ઉવાણહ વિહિં** સયણ વિહિં

૫. ઉત્તિંગ **પણગ દગ મટ્ટી મક્કડા** સંતાણા

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૪)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. જવણિજ્જં | **મન તથા ઈન્દ્રિયોની પીડાથી રહિત છે** | ૨. પડિલાભેમાણે | **ભાવથી આપતો થકો** |
| ૩. ભત્ત કહાએ | **ભોજન સંબંધી કથાથી** | ૪. ન સોહિયં | **શુદ્ધતાપૂર્વક કર્યું ન હોય** |
| ૫. કુઈએ | **અયત્નાથી ખાંસી–ઉધરસ ખાવાથી** | ૬. એવમહં | **આ રીતે હું** |
| ૭. ઉમ્મગ્ગો | **સાચા જૈન માર્ગ વિરુદ્ધ** | ૮. ભોયણાઉ ય | **ભોજન સંબંધી અને** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો અને કયા પાઠમાં આવે છે? (૪)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. પ્રધાન | **પેયાલા** | **પ્રતિક્રમણના પાંચમા પાઠમાં, પહેલા વ્રતમાં** |
| ૨. દોષોની નિંદા કરીને | **નિંદી** | **સંથારામાં** |
| ૩. પાપકર્મોને જેણે એવો હું છું | **પાવકમ્મો** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૪. નિર્દોષ | **એસણિજ્જેણં** | **બારમા વ્રતમાં** |

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. ચરણસિત્તેરી કોને કહે છે? તેમાં કેટલા બોલ છે? પ્રતિલેખનાનો સમાવેશ શેમાં થાય છે?

**જ. સંયમજીવનના મૂલ ગુણ ૭૦ છે, તેને ચરણસિત્તેરી કહે છે. તેમાં સિત્તેર બોલ છે. પ્રતિલેખનાનાનો સમાવેશ કરણસિત્તેરીમાં થાય છે.**

૨. સંમૂર્ચ્છિમ મનુષ્ય ક્યારે અને શેમાં ઉત્પન્ન થાય છે? તેમને ઈન્દ્રિય કેટલી?

**જ. ગર્ભજ મનુષ્યના શરીરની અશુચિ શરીરના મૂળ ઉત્પત્તિ સ્થાનથી બહાર નીકળી જાય પછી અંતર્મુહૂર્તમાં સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. તેમને ઈન્દ્રિય પાંચ હોય છે.**

૩. શ્રમણસૂત્ર એટલે શું? પ્રથમ ત્રણ શ્રમણસૂત્રોનો ઉપયોગ શ્રાવક ક્યારે કરે છે?

**જ. ચતુર્વિધ સંઘ રૂપ શ્રમણોના અધ્યયન–સૂત્ર વિશેષ તે શ્રમણસૂત્ર. શ્રાવક દશમું વ્રત, પૌષધ વ્રત, દયા વ્રત આદિ કરતા હોય છે ત્યારે નિદ્રા દોષ, ગોચરી દોષ અને પ્રતિલેખના કે સ્વાધ્યાય દોષ આદિથી નિવૃત્ત થવા માટે શ્રમણસૂત્રનો ઉપયોગ કરે છે.**

૪. દેવસિય પ્રતિક્રમણમાં શું કરવામાં આવે છે? દેવસિય પ્રતિક્રમણ કેટલા? તે ક્યારે કરવામાં આવે છે?

**જ. દિવસ દરમ્યાન લાગેલા પાપોની આલોચના દેવસિય પ્રતિક્રમણમાં કરવામાં છે. દેવસિય પ્રતિક્રમણ ૩૩૫. તે સાંજે સૂર્યાસ્ત પછી બે ઘડીમાં કરવામાં આવે છે.**

૫. નિર્ગ્રંથ પ્રવચનમાં જૈન ધર્મનો મહિમા બતાવતા વિશેષણો કયા છે? મૂળ પાઠ લખો.

**જ. સચ્ચં, અણુત્તરં, કેવલિયં, પડિપુન્નં, નેઆઉયં, સંસુદ્ધં, સલ્લકત્તણં, સિદ્ધિમગ્ગં, મુત્તિમગ્ગં, નિજ્જાણમગ્ગં, નિવ્વાણમગ્ગં, અવિતહમવિસંધિ, સવ્વ દુકખ પહીણ મગ્ગં.**

૬. માંસાહારનો સમાવેશ કયા પાઠમાં થાય છે? તેના પરિણામ શું આવે છે?

**જ. માંસાહારનો સમાવેશ ૧૮ પાપસ્થાનકમાં થાય છે. નરક ગતિનું આયુષ્ય બંધાય, પંચેન્દ્રિયની હિંસા થાય,**

**જૈન ધર્મની હિલના થાય, ખાનદાની લજવાય, ક્રૂરતાના કુસંસ્કારો ઘૂંટાય છે.**

(૫૦)

**પ્ર.૨ (અ) દંડકના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) વ્યાખ્યા લખો. (૫)**

૧. વૈક્રિય સમુદ્‌ઘાત – **વૈક્રિય રૂપનું નિર્માણ કરવાના હેતુથી વૈક્રિય પુદ્‌ગલોને ગ્રહણ કરવા માટે આત્મપ્રદેશનો દંડ કાઢી દિશા વિદિશામાં સંખ્યાત યોજન સુધી ફેલાવવા.**

૨. તૈજસ શરીર – **જેના કારણે શરીરમાં ઉષ્ણતા રહે અને આહારને પચાવે તે. તેજોલબ્ધિથી તેજોલેશ્યા છોડવામાં કારણભૂત શરીરને તૈજસ શરીર કહે છે.**

૩. અચક્ષુ દર્શન – **આંખ સિવાયની બીજી ઈન્દ્રિયો તથા મન દ્વારા થતો વસ્તુનો સામાન્ય બોધ.**

૪. સમોહિયા મરણ – **જે ઈલિકા ગતિથી સમુદ્‌ઘાત કરે. ઈયળની જેમ ચાલે એટલે કે જીવના પ્રદેશ ધીરે ધીરે નીકળેતે અર્થાત્ સમુદ્‌ઘાત અવસ્થામાં મરણ થવું.**

૫. અર્ધનારાચ સંઘયણ – **એક પડખે મર્કટ બંધ અને બીજે પડખે માત્ર ખીલી હોય.**

**(૨) માત્ર સંખ્યા લખો. (૪)**

| | |
|---|---|
| ૧. મિશ્ર વચનના દંડક | **૧૬** |
| ૨. પૃથ્વીકાયમાં ઉપયોગ | **૩** |
| ૩. અંજનામાં લેશ્યા | **૧** |
| ૪. મિશ્ર આહારના દંડક | **૧૦** |
| ૫. કારેલામાં લેશ્યા | **૩** |
| ૬. આણત દેવલોકની ઉ. અવગાહના | **૩ હાથ** |
| ૭. ૫૬ અંતરદ્વીપની ઉ. સ્થિતિ | **પલ્યનો અસંખ્યાતમો ભાગ** |
| ૮. અસંજ્ઞી તિર્યંચની ગતિ | **૪/૨૨** |

**(૩) મને ઓળખો. (૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. મારી ગતિ ૯ દંડકની છે. | **તેઉકાય, વાઉકાય** |
| ૨. મારી પાસે ચાર શરીર છે. | **વાઉકાય, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય** |
| ૩. મારા શરીર માટે છ દિશાનો આહાર જ છે. | **વૈક્રિય, આહારક** |
| ૪. અમારી પાસે શક્તિ હોવા છતાં અમે ઉત્તર વૈક્રિય કરતા નથી. | **૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર વિમાન** |
| ૫. મારી ગતિ દેવલોકની છે. | **૩૦ અકર્મભૂમિ, ૫૬ અંતરદ્વીપ** |

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૬)**

૧. ૯ થી ૧૪ દંડકના નામ લખો.

**જ. દિશાકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય.**

૨. ગર્ભજ મનુષ્યનો આગતિ દ્વાર, વેદ દ્વાર, શરીર દ્વાર અને ઉપજવાનો દ્વાર લખો.

**જ. આગતિ દ્વાર – ચાર ગતિનો આવે, ૨૨ દંડકનો આવે તે તેઉકાય અને વાઉકાય વર્જી. વેદ દ્વાર – ત્રણ વેદ અથવા અવેદી, શરીર દ્વાર – શરીર પાંચ, ઉપજવાનો દ્વાર – ૧ સમયમાં જ. ૧,૨,૩ ઉ. સંખ્યાતા ઉપજે.**

૩. વનસ્પતિકાયનો લેશ્યા દ્વાર, સ્થિતિ દ્વાર અને તેઈન્દ્રિયનો દષ્ટિ દ્વાર, અવગાહના દ્વાર લખો.

**જ. વનસ્પતિમાં અપર્યાપ્તામાં લેશ્યા ૪ તે કૃષ્ણ, નીલ, કાપોત, તેજો. પર્યાપ્તામાં ૩ તે કૃષ્ણ,નીલ, કાપોત. સ્થિતિ જ. અંત. ઉ.૧૦૦૦૦ વર્ષ. તેઈન્દ્રિયના અપર્યાપ્તામાં દષ્ટિ બે તે સમકિત અને મિથ્યાત્વ, પર્યાપ્તામાં દષ્ટિ એક તે મિથ્યાત્વ. અવગાહના જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ. ત્રણ ગાઉ.**

૪. વૈક્રિય શરીર, એકાંત નપુંસક વેદ, કુબ્જ સંસ્થાન, કાપોત લેશ્યામાં કયા કયા દંડક હોય?

**જ. વૈક્રિય શરીરના દંડક ૧ નારકી, ૧૩ દેવ, વાયુકાય, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય. એકાંત નપુંસક વેદના દંડક**

**૧ નારકી, ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય. કુબ્જ સંસ્થાનના દંડક તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય. કાપોત લેશ્યાના દંડક જ્યોતિષી અને વૈમાનિક વર્જીને ૨૨.**

૫. સાત સાગર, દશ સાગર, બાવીસ સાગર અને ૩૦ સાગરની સ્થિતિ ક્યાં હોય?

**જ. સાત સાગર – ત્રીજી નરક, ચોથી નરક, ત્રીજા દેવલોક, પાંચમા દેવલોક, નવ લોકાંતિકની.**
**દશ સાગર – ચોથી નરક, પાંચમી નરક, પાંચમા દેવલોક, છઠ્ઠા દેવલોકની.**
**બાવીસ સાગર – છઠ્ઠી નરક, સાતમી નરક, બારમા દેવલોક, પહેલા ગ્રૈવેયકની.**
**ત્રીસ સાગર – આઠમા ગ્રૈવેયક, નવમા ગ્રૈવેયકની.**

૬. જેની ગતિ અને આગતિ સરખી તેવા દંડક કેટલા? ક્યા ક્યા? તેનો વિસ્તાર લખો.

**જ. ત્રણ દંડક. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય. બે ગતિનો આવે અને બે ગતિમાં જાય. મનુષ્ય અને તિર્યંચ. દશ દંડકનો આવે અને દશ દંડકમાં જાય. ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિય, મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય. તિર્યંચ પંચેન્દ્રિય. ચાર ગતિનો આવે અને ચાર ગતિમાં જાય. ૨૪ દંડકનો આવે અને ૨૪ દંડકમાં જાય.**

૭. ગર્ભજ મનુષ્યનો અવસર્પિણીકાળના પહેલા ત્રણ આરાનો અવગાહના દ્વાર લખો.

**જ. પહેલો આરો બેસતા ત્રણ ગાઉની અને ઉતરતા બે ગાઉની, બીજો આરો બેસતા બે ગાઉની અને ઉતરતા એક ગાઉની, ત્રીજો આરો બેસતા એક ગાઉની અને ઉતરતા ૫૦૦ ધનુષની.**

૮. ઔદારિક શરીરના દંડકનો સંઘયણ દ્વાર અને દર્શન દ્વાર લખો.

**જ. સંઘયણ દ્વાર – ૫ સ્થાવર, ૩ વિકલેન્દ્રિયમાં એક છેવટું સંઘયણ, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં છયે સંઘયણ. દર્શન દ્વાર – ૫ સ્થાવર, બેઈન્દ્રિય, તેઈન્દ્રિયમાં એક દર્શન તે અચક્ષુદર્શન. ચૌરેન્દ્રિયમાં બે દર્શન તે ચક્ષુદર્શન, અચક્ષુદર્શન. તિર્યંચ પંચેન્દ્રિયમાં ત્રણ દર્શન તે ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન. મનુષ્યમાં ચાર દર્શન તે ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન, કેવળદર્શન.**

**(આ) કાળનું માપ અને અવગાહનાની સમજણના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. લોકમાં કેટલા પદાર્થ છે? ક્યા ક્યા?

**જ. ત્રણ. ૧) મનુષ્યકૃત ૨) ઉપાધિજન્ય ૩) શાશ્વત.**

૨. ૧૨ આંગુલ એટલે કેટલું માપ? આંગુલ એટલે શું?

**જ. ૧૨ આંગુલ એટલે બે પગ, ૧ વેંત. આંગુલ એટલે હાથની આંગળી.**

૩. ૧ અહોરાત્રિમાં કેટલા મુહૂર્ત, પ્રહર, ઘડી, કલાક હોય?

**જ. ૧ અહોરાત્રિમાં ૩૦ મુહૂર્ત, ૮ પ્રહર, ૬૦ ઘડી, ૨૪ કલાક.**

૪. એક પલ્યમાં કેટલા વર્ષ પસાર થાય? એક સાગરોપમ એટલે કેટલું માપ?

**જ. એક પલ્યમાં અસંખ્ય વર્ષ પસાર થાય. એક સાગરોપમ એટલે ૧૦ ક્રોડાક્રોડ પલ્ય.**

૫. પ્રમાણ આંગુલનું માપ શું છે? તેનાથી ક્યા પદાર્થો મપાય છે?

**જ. ઉત્સેધ આંગુલથી હજાર ગણું મોટું માપ પ્રમાણ આંગુલનું છે. તેનાથી શાશ્વત પદાર્થની લંબાઈ, પહોળાઈ કે ઊંડાઈ મપાય છે.**

**(ઇ) ૩૨ અસજ્ઝાયના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આકાશ સંબંધી અસજ્ઝાયના માત્ર નામ લખો.

**જ. ઉલ્કાપાત, દિગ્દાહ, ગર્જિત, વિદ્યુત, નિર્ઘાત, યૂપક, યક્ષાદીપ્ત, ધૂમિકા, મિહિકા, રજોદ્ઘાત.**

૨. ચોમાસું બેસતા અને ચોમાસું પૂરું થતા કઈ અસજ્ઝાય હોય? કેટલા સમયની? શા માટે?

**જ. ચોમાસું બેસતા અષાઢ સુદ પૂનમ અને ચોમાસું પૂરું થતા કારતક સુદ પૂનમની અસજ્ઝાય હોય. ૨૪ કલાકની કારણ કે આ દરમિયાન ઈન્દ્ર મહોત્સવ, કાર્તિકેય મહોત્સવ થતા હોવાથી દેવાદિનું આવાગમન વધુ રહે છે.**

૩. પતન, યૂપક, દિગ્દાહ અને અસ્થિની અસજ્ઝાય કેટલા સમય સુધી હોય છે?

**જ. પતન – રાજાનું અવસાન થતા નવો રાજા ઘોષિત ન થાય ત્યાં સુધી. યૂપક – એક પ્રહરની. દિગ્દાહ – જ્યાં**

**સુધી દિશા લાલ વર્ણની દેખાય ત્યાં સુધી. અસ્થિ – જ્યાં સુધી દેખાય ત્યાં સુધી.**

૪. ઉત્કાલિક સૂત્રો કયા છે? તેનો સ્વાધ્યાય ક્યારે થાય?

**જ. ઉવવાઈ, રાયપસેણીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, સૂર્યપ્રજ્ઞપ્તિ, દશવૈકાલિક, નંદી, અનુયોગદ્વાર સૂત્ર અને આવશ્યક સૂત્ર. ૩૨ અસ્વાધ્યાય છોડીને દિવસ–રાત્રિના ચારે પ્રહર થઈ શકે છે.**

પ. મધ્યરાત્રિ એટલે શું? તેની અસજ્ઝાય કેટલી? સંધિકાળની અસજ્ઝાય ક્યારે હોય?

**જ. મધ્યરાત્રિ એટલે સૂર્યાસ્તથી સૂર્યોદયના મધ્ય ભાગનો સમય. તેની અસજ્ઝાય ૧ મુહૂર્તની. સંધિકાળની અસજ્ઝાય પ્રભાત અને સંધ્યાએ હોય.**

**(ઈ) મોક્ષમાર્ગની આરાધનાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (પ)**

૧. જીવ સંસારમાં પરિભ્રમણ શા માટે કરે છે?

**જ. રાગ–દ્વેષ, આરંભ–પરિગ્રહ, વિષય–કષાયના સેવન વડે કર્મ બાંધી પોતાના કરેલા કર્મ અનુસાર જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે.**

૨. આત્મગુણોનું પોષણ કેવી રીતે કરવાનું છે?

**જ. આત્મગુણોનું પોષણ સંવર, સામાયિક, પૌષધ, સંવર પૌષધ, રાત્રિ પૌષધ, ગોચરી દયા વડે કરવાનું છે.**

૩. શું શુદ્ધ ભણવાનું છે? કોનું નામ ગોપવવાનું નથી?

**જ. અક્ષર અને અર્થ બંને શુદ્ધ ભણવાના છે. અર્થ અને જ્ઞાનદાતા ગુરુનું નામ ગોપવવાનું નથી.**

૪. જિનશાસનની પ્રભાવના કેવી રીતે કરવાની છે?

**જ. ધર્મમાં પરમ શ્રદ્ધા કરી, બીજાને ધર્મમાં સ્થિર કરી, વાત્સલ્યભાવે જિનશાસનની પ્રભાવના કરવાની છે.**

પ. ઉણોદરી તપ કરવા શું કરવાનું છે?

**જ. ઉણોદરી તપ કરવા આહાર, ઉપકરણ અને કષાય ઘટાડવાના છે.**

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વિશ્વભૂતિના માતા–પિતાનું નામ શું હતું? તેમણે શેના આવેશમાં શું નિયાણું કર્યું?

**જ. વિશ્વભૂતિ માતા ધારિણી અને પિતા વિશાખાભૂતિ હતા. તેમણે કષાયના આવેશમાં નિયાણું કર્યું કે મારા તપના પ્રભાવથી આવતા ભવમાં હું મહાન પરાક્રમી બનું.**

૨. ભગવાને છદ્મસ્થ અવસ્થામાં કેટલા ઉપવાસ કર્યા? કેટલા પારણા કર્યા? તેમના પારણા કોને ત્યાં થયા? પારણામાં શું મળ્યું?

**જ. ભગવાને છદ્મસ્થ અવસ્થામાં ૪૧૬૬ દિવસ ઉપવાસ કર્યા. ૩૪૯ પારણા કર્યા. તેમના પારણા ગોવાલણના હાથે ખીરથી, ચંદનબાળાના હાથે બાકુળાથી, બહુલ દાસીના હાથે સાકર–ભાતથી, વિજય શેઠને ત્યાં કૂર ધાન્યથી, સુનંદા શ્રાવિકાને ત્યાં ખીરથી વગેરે થયા.**

૩. ભગવાનના જીવને પ્રથમ વખત સમકિતની પ્રાપ્તિ ક્યારે થઈ? ત્યાંથી તેઓ ક્યાં ગયા? ત્રીજા ભવમાં તેમણે શું ધારણ કર્યું? શા માટે? ત્યાંથી તેઓ ક્યાં ગયા?

**જ. ભગવાનના જીવને પ્રથમ વખત સમકિતની પ્રાપ્તિ નયસાર કઠિયારાના ભવમાં થઈ. ત્યાંથી તેઓ પ્રથમ દેવલોકમાં ગયા. ત્રીજા ભવમાં તેમણે ત્રિદંડીનો વેશ ધારણ કર્યો કારણ કે ચારિત્ર ધર્મની આરાધના કરવામાં નબળાઈ હતી. ત્યાંથી તેઓ પાંચમા દેવલોકમાં ગયા.**

૪. ઈન્દ્રભૂતિ આદિ પહેલા ત્રણ બ્રાહ્મણોને શેમાં સંશય હતો? ભગવાને તેમને શું આપ્યું? તેઓએ શેની રચના કરી?

**જ. ઈન્દ્રભૂતિને જીવ છે? અગ્નિભૂતિને કર્મ છે? વાયુભૂતિને શરીર તે જ જીવ છે તેમાં સંશય હતો. ભગવાને તેમને દીક્ષા અને ત્રિપદી આપી. તેમના પર ચિંતન કરીને તેમણે દ્વાદશાંગી ૧૨ અંગસૂત્રોની રચના કરી.**

પ. ભગવાનના સંગથી કાકંદિના ધન્ના અને શ્રેણિક રાજાના જીવનમાં શું પરિવર્તન આવ્યું?

**જ. કાકંદિના ધન્ના અણગારે ભગવાનની એક દેશના સાંભળી વૈરાગી થઈ દીક્ષા લીધી. શ્રેણિક રાજા સમકિતી**

બન્યા અને આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર થશે.

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. નિત્યોદયં દલિત મોહ મહાન્ધકારમ્, ગમ્યં ન રાહુ વદનસ્ય ન વારિદાનામ્ ।
વિભ્રાજતે તવ મુખાબ્જ મનલ્પ કાન્તિ, વિદ્યોતયજ્ જગદપૂર્વ શશાંક બિમ્બમ્।।

૨. કુન્તાગ્ર ભિન્ન ગજ શોણિત વારિવાહ, વેગાવતાર તરણાતુર યોધ ભીમે ।
યુદ્ધે જયંત વિજિત દુર્જય જેય પક્ષા, સ્ત્વત્પાદ પંકજ વના શ્રયિણો લભન્તે ।।

૩. મંદાર સુંદર નમેરુ સુપારિજાત, સંતાનકાદિ કુસુમોત્કર વૃષ્ટિ રુદ્ધા ।
ગંધોદ બિન્દુ શુભ મન્દ મરુત્પ્રપાતા, દિવ્યા દિવઃ પતતિ તે વચસાં તતિર્વા।।

૪. ઈત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેન્દ્ર !, ધર્મોપદેશન વિધૌ ન તથા પરસ્ય ।
યાદક પ્રભા દિનકૃતઃ પ્રહતાન્ધકારા, તાદક કુતો ગ્રહ ગણસ્ય વિકાશિનોપિ।।

૫. આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્ત દોષં, ત્વત્ સંકથાપિ જગતાં દુરિતાનિ હંતિ ।
દૂરેઃ સહસ્ર કિરણઃ કુરુતે પ્રભવિ, પદ્માકરેશુ જલજાનિ વિકાશ ભાંજિ।।

જય – જિનેન્દ્ર